| | |
|---|---|
| **અરજી દાખલ થયા તા.** | ૧૩–૦૨–૨૦૨૬ |
| **અરજી રજીસ્ટરે નોંધ્યા તા.** | ૧૩–૦૨–૨૦૨૬ |
| **અરજી ફેંસલ કર્યા તા.** | ૦૬–૦૩–૨૦૨૬ |

| **સમયગાળો** | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | – | – | ૨૧ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરેન્દ્દનગર**

**ફોજદારી પરચુ અરજી નં.૧૬૩/૨૦૨૬**
**આંક: ૫**

**અરજદાર : કરશનભાઈ માલાભાઈ પરમાર**
ઉ.વ.આ.૭૩, ધંધો: ખેતી/ડ્રાઈવીંગ
રહે.ગોસળ, તા.સાયલા,જી.સુરેન્દ્દનગર

**વિરૂધ્ધ**

સામાવાળા : ૧. શ્રી સરકાર
૨. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા
સાયલા શાખા,સાયલા

==========================================================

**વિષય::– બી.એન.એસ.એસ. કલમ ૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા વચગાળાની અરજી.**

==========================================================

| | |
|---|---|
| અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી | ડી.જે.મકવાણા |
| સામાવાળા નં. ૧ તરફે વિધ્વાન વિ.એ.પી.પી.શ્રી<br>સામાવાળા નં. ૨ તર્ફે કોઈ હાજર નથી. | એમ.પી.સભાણી |

==========================================================

**–:: J U D G M E N T ::–**

**(૧) પ્રસ્તાવના :–**

આ કામે હાલના અરજદારે બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ અન્વયે વચગાળાના સમય માટે મુદામાલ પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

## (૨) અરજદારની અરજીની હકીકત :-

**૨.૧)** અરજદારની માલીકી તથા કબજાવાળી વાહન JOHN DEERE INDIA PVT LTD (TRACTOR DEVISION) કંપનીનુ JOHN DEERE 5105 Y2 વાળુ ટ્રેકટર જેનો રજી.નં.જીજે-૧૩-સી.બી.-૩૪૨૨ છે તે સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૦૧૨/૨૬, એન.ડી.પી.એસ.એકટ કલમ-૭(બી)(સી), ૨૦ (એ) (ા), ૨૦(બી)(ાા)(સી) ના કામે વપરાયેલ હોવાનુ જણાવી પોલીસે સદરહુ વાહન ખોટી રીતે કબજે લીધેલ હોય કેસ ચાલતા દરમ્યાન મુદામાલ વાહનનો કબજો પરત મેળવવા માટેહાલની અરજી કરેલ છે.

**૨.૨)** અરજદાર મુદામાલના માલીક છે અને વાહન તેના ધંધા ઉપયોગી અને અંગત વપરાશનું સાધન છે. વાહન લાંબો સમય એક જગ્યાએ પડયુ રહે તેમાં યાંત્રીક ખામીઓ થાય તેમજ ટાયર, બોડી બગડી જાય. સદરહુ વાહન નામ.કોર્ટ ફરમાવે ત્યારે યથાવત સ્થિતીમાં નામ.અદાલતમાં રજુ કરવાની ખાત્રી આપે છે તેમજ નામ.અદાલત ફરમાવે તે તમામ શરોતનું પાલન કરવાનુ તેમજ જામીન આપવા તૈયાર અને ખુશી છે. જેથી સદરહુ કેસના નિકાલ સુધી અરજદારને યોગ્ય રકમના જામીન પર વચગાળાની વ્યવસ્થા તરીકે પરત સોંપી આપવા હુકમ ફરમાવવા અરજ છે.

## (૩) અરજદાર તરફે રજુઆત :-

૩.૧) અરજદારના વિદ્વાન વકીલશ્રીએ દલીલોમાં અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૪) વિદ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::-

**૪.૧)** વિદ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ટ્રાયલ અદાલતે ખુબ જ કેસની હકીકત તથા સંજોગોને લક્ષમાં લઈ યોગ્ય રીતે અને ન્યાયિક રીતે હુકમ કરેલ છે તેથી તે ચુકાદામાં કોઈ હસ્તક્ષેપને અવકાસ નથી તેથી અરજી નામંજુર કરવા માટે દલીલ કરેલ

છે. તેમજ આ કામે ફરિયાદીને નોટીસ કરેલ પરંતુ ફરિયાદ તર્ફે કોઈ હાજર રહેલ નથી.

**(૫) અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૫.૧) સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૦૧૨/૨૬, એન.ડી.પી.એસ.એકટ કલમ–૭(બી)(સી), ૨૦ (એ) (i), ૨૦(બી)(ii)(સી)** મુજબના ગુનાના કામે **JOHN DEERE INDIA PVT LTD (TRACTOR DEVISION) કંપનીનુ JOHN DEERE 5105 Y2 વાળુ ટ્રેકટર જેનો રજી.નં. જીજે–૧૩–સી.બી.–૩૪૨૨** છે તે આરોપી પાસેથી કરવામાં આવેલ તે વચગાળાના કબજે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. આ કામની ફરીયાદ તથા પંચનામાની હકીકત વંચાણે લેતા મુદામાલ વાહન અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારનો આંક–૪ થી અભિપ્રાય રજુ છે. જે વંચાણે લેતા તેમના અભિપ્રાયમાં મુદામાલ વાહનમાં ગુના સબંધી કોઈ હકીકત થયેલ હોય કે તપાસના કામે મુદામાલ વાહનની જરુર હોય તેવી કોઈ ત.ક.અ.ની રજુઆત નથી. આ કામ મુદામાલ વાહનની માલીકી હાલના અરજદારની હોવાનુ વાહનની આર.સી. બુક ની નકલ પરથી જણાય છે. **જી.એલ.આર.૨૦૦૩(૨), ૧૩૩૭ એસ.સી., સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના કેસનો ચુકાદો વંચાણે લેતા યોગ્ય હકકદાર વ્યકિતને મુદામાલનો કબજો સોંપવાનો રહે છે. વળી, મુદામાલ વાહન બીન ઉપયોગી પડી રહેવાથી તેની ગુણવતામાં ઘટાડો થવા તથા તેમાં યાંત્રિક ખામી સર્જાવાની સંભાવના રહેલી છે. જેથી સદર મુદામાલનો વચગાળાનો કબજો હાલના અરજદારને સોંપવો યોગ્ય જણાય છે. જેથી, શરતોને આધીન અરજદારને મુદામાલ વચગાળાની કસ્ટડીમા સોંપવો યોગ્ય અને ન્યાયોચિત રહેશે. જેથી, નીચેની અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવો જરુરી અને ન્યાયોચિત જણાય છે. જેથી, મુદા નં.૧ નો નિર્ણય 'હકાર'માં આપી, મુદા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદાર **કરશનભાઈ માલાભાઈ પરમાર, રહ.ગોસળ** નાઓની હાલની મુદામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. **સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૪૫૨૬૦૦૧૨/૨૬, એન.ડી.પી.એસ.એકટ કલમ–૭(બી)(સી), ૨૦ (એ) (I), ૨૦(બી) (II) (સી)** મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ **JOHN DEERE INDIA PVT LTD (TRACTOR DEVISION) કંપનીનુ JOHN DEERE 5105 Y2 વાળુ ટ્રેકટર જેનો રજી.નં.જીજે–૧૩–સી.બી.–૩૪૨૨ વાળુ ટ્રેકટર** છે તેની મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ અરજદારને વચગાળાના કબજે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

**અરજદારે,**

૧) મુદ્દામાલ આ કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો કરાવવો નહિ.

૨) આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુન્હાના કામે જયારે પણ મુદ્દામાલ માંગે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

૩) મુદ્દામાલના ચાર કલર ફોટા અરજદારે પોતાના ખર્ચે પડાવી ત. ક. અ. ને સુપરત કરવા **ત. ક. અ. એ આ ફોટા ચાર્જશીટ સાથે સામેલ રાખવા.**

૪) મુદ્દામાલ ભવિષ્યમાં ગુનાહીત કામે ઉપયોગ ના થયા તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

૫) જામીન તથા બોન્ડ જ સબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ આપવા.

૬) આ હુકમની જાણ જે તે આરટીઓને જરૂરી નોંધ વાહનના રેકર્ડમાં કરવા માટે **તપાસ કરનાર અમલદારશ્રીએ** મોકલવી.

૭) અરજદારે વાહનની હયાત વીમા પોલીસી જામીન આપતી વખતે રજુ

કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો મુદ્દામાલ જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન અને ટ્રાયલ કોર્ટને કરવી.

આજ તારીખ–૦૬ મી, માહે : માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૬–૦૩–૨૦૨૬.

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)